For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## મુંબઇ, દિલ્હી, ચેન્નાઇ, હૈદરાબાદ, કોલકત્તા, બેંગ્લુરુ બાદ કન્ઝમ્પશન માર્કેટમાં સુરત દેશમાં 7માં ક્રમે




# ખર્ચ કરવામાં સુરતીઓ અમદાવાદ, પૂણે કરતા પણ આગળ

## સુરતમાં રૂ. 36 લાખથી વધુ આવક ધરાવતા પરિવારોનું પ્રમાણ વધીને 12% થયું

### **સરેરાશ** કૌટુંબિક વપરાશ ખર્ચમાં બેંગ્લુરુ કરતાં પણ આગળ નીકળ્યું સુરત

નવી દિલ્હી: વર્ષોથી ભારતનો વપરાશ અને ખર્ચ (ઉપભોગ) માત્ર છ મોટા મેટ્રો શહેરો - મુંબઈ, બેંગલુરુ, દિલ્હી, ચેન્નઈ, હૈદરાબાદ અને કોલકાતાના ચશ્માંમાંથી જ જોવામાં આવતો હતો. પરંતુ હવે એક નવો કન્ઝમ્પશન મેપ ઉભરી રહ્યો છે, અને તેમાં ગુજરાતનું સુરત શહેર સૌથી કેન્દ્રસ્થાને છે.

પ્રાઇસ અને ટાટા સન્સના 'ધ મેની અર્બન ઇન્ડિયાઝ'ના અહેવાલ અનુસાર, સુરત ભલે ભારતના ટોચના વપરાશ બજારોમાં સાતમા ક્રમે હોય, પરંતુ દેશના આ છ મોટા મેટ્રો શહેર પછીનું તે સૌથી મોટું ઉપભોક્તા બજાર છે. મોટા છ મેટ્રો શહેરો જેટલી જ વસ્તી અને યુવાનોની મોટી સંખ્યા ધરાવતું સુરત આશરે રૂ. 3 લાખ કરોડ વપરાશ બજાર ધરાવે છે, જે અમદાવાદ અને પુણે કરતાં પણ આગળ છે. સુરતમાં સરેરાશ હાઉસહોલ્ડ કન્ઝમ્પશન (પરિવારનો સરેરાશ વપરાશ ખર્ચ) બેંગલુરુ કરતાં પણ વધુ છે. દેશના 100 શહેરોમાં વાર્ષિક રૂ. 74.5 લાખ કરોડ (844 બિલિયન ડોલર)ના કુલ વપરાશમાંથી 46% હિસ્સો છ મોટા શહેરોનો જ છે, પરંતુ સુરતે સાબિત કર્યું છે કે ખર્ચની સૌથી મોટી તકો હવે માત્ર જૂના મેટ્રો શહેરો સુધી મર્યાદિત નથી. સુરત, અમદાવાદ, પુણે જેવા શહેરોનું ગ્રાહક બજાર આશરે રૂ. 2.65 લાખ કરોડ છે. સુરતમાં વાર્ષિક રૂ. 36 લાખથી વધુ આવક ધરાવતા પરિવારોનું પ્રમાણ વિતેલા દાયકામાં 3%થી વધીને 12% થયું છે, જે 2030-31 સુધીમાં વધીને કુલ પરિવારોના આશરે પાંચમા ભાગ (20%) જેટલું થવાનો અંદાજ છે. મુંબઈ, પુણે, સુરત, વડોદરા અને અમદાવાદને જોડતો પશ્ચિમી ઈકોનોમિક કોરિડોર ઉચ્ચ માથાદીઠ આવક અને મજબૂત ઔદ્યોગિક પાયો ધરાવે છે. સુરત માત્ર પોતાનો વિકાસ નથી કરી રહ્યું, પરંતુ તે સાબિત કરી રહ્યું છે કે ભારતનું આગામી મોટું કન્ઝ્યુમર બૂમ હવે મેટ્રો શહેરોની બહારથી આવી રહ્યું છે.

### બૂમટાઉનમાં સુરતનો સમાવેશ




સુરતને 'બૂમટાઉન' (ઝડપથી વિકસતા 19 શહેરોની શ્રેણી, જેમાં પુણે, અમદાવાદ, લખનૌ, જયપુર, વડોદરા વગેરે છે) તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે. સુરત, ચંદીગઢ, તિરુવનંતપુરમ અને વડોદરામાં પરિવાર દીઠ ખર્ચ છ મોટા મેટ્રો શહેરો કરતાં પણ વધારે નોંધાયો છે. ટેક્સટાઈલ ઉદ્યોગ, હીરા વેપાર અને સ્થળાંતરિત વસ્તીના કારણે સુરતમાં મધ્યમ અને ઉચ્ચ આવક ધરાવતા પરિવારોનો ગ્રોથ દેશમાં સૌથી ઝડપી છે. સુરતની સરેરાશ કૌટુંબિક આવક હૈદરાબાદ, ચેન્નઈ અને કોલકાતા જેવા મેટ્રો શહેરો કરતાં વધુ છે.બેંગલુરુ અને ચંદીગઢ સરેરાશ રૂ. 28 લાખની વાર્ષિક આવક સાથે ટોચ પર છે, પણ સુરત, પુણે અને તિરુવનંતપુરમ છ મોટા મેટ્રોમાંથી ત્રણ મેટ્રોને પાછળ છોડી આગળ નીકળી ગયા છે. બૂમટાઉન શહેરોના પરિવારો મેટ્રો શહેરો કરતાં 3.5% વધુ રકમ હાઉસિંગ અને તેને લગતી સેવાઓ પર ખર્ચે છે.

### ખર્ચ કરવાની બદલાતી પેટર્ન: વીક એન્ડ સ્પેન્ડિંગમાં સુરત દેશમાં બીજા નંબરે




ભારતના 100 શહેરોમાં પરિવારના ખર્ચમાં ખોરાકનો હિસ્સો એક દાયકા પહેલાના 38 ટકાથી ઘટીને 31 ટકા થયો છે અને ૨/3 હિસ્સો હાઉસિંગ, ટ્રાન્સપોર્ટ અને શિક્ષણ જેવી સેવાઓ પર વપરાય છે. વિકએન્ડ ખર્ચ દેશમાં 62 ટકા શહેરી ખર્ચ શનિવાર અને રવિવારે થાય છે. સુરતમાં 'વીકએન્ડ સ્પેન્ડિંગ મલ્ટિપ્લાયર' 2.44 ગણો છે (એટલે કે અઠવાડિયાના સામાન્ય દિવસો કરતાં શનિ-રવિમાં 2.44 ગણો વધુ ખર્ચ થાય છે), જે જયપુરના 2.76 ગણા પછી સમગ્ર ભારતમાં બીજા ક્રમે છે.

### સુરતમાં ગાડીઓ, હોમ એપ્લાયન્સિસ અને સરેરાશ માલિકી

- કાર માલિકી: બૂમટાઉન્સમાં કારની માલિકી 32 ટકાએ પહોંચી છે (જે મેટ્રો શહેરો જેટલી જ છે).
- બાઇક/સ્કૂટર: બૂમટાઉન્સમાં બાઇકની માલિકી 72% છે (જ્યારે મેટ્રોમાં માત્ર 50%).
- વોશિંગ મશીનની માલિકી 40% અને માઇક્રોવેવની 31% છે, જે છ મેટ્રો શહેરો (અનુક્રમે 30% અને 27%) કરતાં વધુ છે.
- અહેવાલ મુજબ, રૂ. 12-14 લાખની આવક ધરાવતા પરિવારો કાર ખરીદવા તરફ અને રૂ.14 લાખથી વધુ આવકવાળા પરિવારો હોમ એપ્લાયન્સિસ ખરીદવા તરફ ઝડપથી વળે છે.

### માત્ર ઉડાઉપણું નહીં, બચતમાં પણ સુરતીઓ આગળ

સુરતની અર્થવ્યવસ્થાની સૌથી મજબૂત બાજુ એ છે કે લોકો માત્ર ખર્ચ નથી કરતા, પરંતુ ભવિષ્ય માટે નાણાં બચાવે પણ છે. સુરત અને વડોદરામાં 92% પરિવારો ઈમરજન્સી કે આકસ્મિક સમય માટે બચત કરે છે, જે દેશમાં સૌથી વધુ નોંધાયેલા સ્તરોમાંથી એક છે. બૂમટાઉનના પરિવારો વાર્ષિક સરેરાશ 4.5 લાખ બચાવે છે અને તેમનો દેવા-આવક ગુણોત્તર 15.4% છે, જે મોટા મેટ્રો શહેરોના 18.5% કરતાં ઓછો અને સુરક્ષિત છે.




# મોદીએ નવસારીમાં આપ્યો સેવાનો મંત્રઃ 'સત્તા નહીં, જનતા સર્વોપરી'





**Aથી** સજ્જ ભાજપના નવા કાર્યાલયનું લોકાર્પણ

**ગરીબ**-પીડિતોના પ્રશ્નોનું 'વિશ્વાસનું સરનામું' બનાવવા કાર્યકરોને હાકલ

નવસારીઃ નવસારીમાં મંગળવારે રાજકીય માહોલ વચ્ચે વિકાસ અને ટેકનોલોજીના સંગમ સમાન ભાજપના અત્યાધુનિક જિલ્લા કાર્યાલય 'નમો કમલમ્'નું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ થયું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ અને કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ, હર્ષ સંઘવી સહિતના આગેવાનોની હાજરીમાં યોજાયેલા કાર્યક્રમમાં

...અનુસંધાન પાના ૧૧ પર

## માવાની પિચકારી પર મોદીની 'મીઠી લપડાક'!

**'ભારત** માતા કી જય' કરો, પિચકારી નહીં મારો

**નવસારીના** માવાપ્રેમીઓને વ્યસનમુક્તિ અને સ્વચ્છતાનો સંદેશ

નવસારી: નવસારી ખાતે ભાજપના આધુનિક જિલ્લા કાર્યાલય 'નમો કમલમ'ના લોકાર્પણ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકાસ અને સંગઠન સાથે સ્થાનિક જીવનશૈલીને સ્પર્શતી હળવી ટકોર પણ કરી હતી. નવસારીમાં સૌરાષ્ટ્રના અનેક પરિવારો વસે છે તેનો ઉલ્લેખ કરતાં તેમણે માવાની ટેવ અંગે રમૂજી અંદાજમાં સવાલ કર્યો હતો. મોદીએ મંચ પરથી હળવી શૈલીમાં જણાવ્યું કે નવસારીમાં સૌરાષ્ટ્રના ભાઈઓ ઘણા રહે છે અને તેમને ખબર નથી કે અહીં માવાની ટેવ આવી છે કે નહીં. જો આવી હોય તો 'ભારત માતા કી જય' બોલ્યા બાદ પિચકારી મારવાની ટેવ ન રાખવી જોઈએ તેવી ટકોર કરતાં સભામાં હાસ્યનું મોજું ફરી વળ્યું હતું. મોદીની આ ટકોર માત્ર હાસ્ય પૂરતી સીમિત રહી નહોતી. તેમણે માવા જેવી વ્યસનની ટેવમાંથી બહાર આવવાની જરૂરિયાત તરફ પણ ધ્યાન દોર્યું હતું. કેન્સરના ડોક્ટરો દ્વારા માવાથી દૂર રહેવાની

...અનુસંધાન પાના ૧૧ પર

### 'હું Gen-Z નથી દુર્ગા છું!' મોદી સામે બાળકીનો નિર્ભય જવાબ



નવસારી : નવસારીના ભવ્ય કાર્યક્રમમાં રાજકીય સંદેશાઓ અને વિકાસની વાતો વચ્ચે એક નાનકડી બાળકીના થોડાક શબ્દોએ જાણે સમગ્ર માહોલમાં અલગ જ રંગ ભરી દીધો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની

...અનુસંધાન પાના ૧૧ પર

### મોદીના સ્વચ્છતા મંત્રનો નવસારીમાં તરત અમલ



નવસારી : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે 'નમો કમલમ્'ના લોકાર્પણ બાદ નવસારીમાં સ્વચ્છતાનો સંદેશ માત્ર ભાષણ પૂરતો ન રહ્યો હતો. કાર્યક્રમ પૂર્ણ થતાં જ મહાનગરપાલિકાના પદાધિકારીઓ, નગરસેવકો અને ભાજપના આગેવાનો સ્થળ પર સફાઈ માટે આગળ આવ્યા હતા. કપ, પાણીના ગ્લાસ, કાગળ સહિતનો કચરો જાતે એકત્ર કરી સ્થળ સ્વચ્છ કરવામાં

...અનુસંધાન પાના ૧૧ પર

# ટોઈંગ કર્મીઓ સાથે માથાકૂટ કરનારને દોરડાથી બાંધીને લઈ જવાતા વિવાદ

**ટોઈંગ** વાહનના કર્મીઓએ વ્યક્તિને દોરડાથી બાંધી કચીગામ પોલીસને સોંપાઈ હોવાની પ્રાથમિક માહિતી

**વિડીયો** વાયરલ થતા સાંસદ ઉમેશ પટેલે તપાસની માંગ કરી

**ટોઈંગ** વાહનને નુકસાન પહોંચાડવાના આરોપ સાથે 'કાયદો હાથમાં ન લેવાય' કહી સાંસદની પોલીસ અધિક્ષકને કાર્યવાહી કરવા રજૂઆત



દમણ : સંઘ પ્રદેશ દમણના કચીગામ વિસ્તારમાં એક વ્યક્તિને દોરડાથી બાંધી વાહનમાં લઈ જવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં મામલો ચર્ચાના ચકડોળે ચઢ્યો છે. વીડિયો સામે આવ્યા બાદ દમણ-દીવના સાંસદ ઉમેશ પટેલે પણ ઘટનાને ગંભીર ગણાવી પોલીસ સમક્ષ સમગ્ર મામલાની તપાસ અને યોગ્ય કાયદેસરની કાર્યવાહીની માંગ કરી છે.

ઘટના અંગે મળતી પ્રાથમિક માહિતી અને સોશિયલ મીડિયામાં ચાલી રહેલી ચર્ચા મુજબ, દોરડાથી

...અનુસંધાન પાના ૧૧ પર

## રૂપિયા 945 કરોડના ખર્ચના ટેન્ડરને મંજૂરી

# સુરતથી નવસારી હાઈસ્પીડ કોરિડોરનું દશેરાએ ખાતમુહૂર્ત

**પલસાણા** હાઈવે પર આલ્ફા હોટલથી 1.9 કિ.મી.નો એલિવેટેડ કોરિડોર બનશે

**14.3** કિ.મી.ના માર્ગને 4 લેનમાંથી 6 લેનનો કરવામાં આવશે

**કોરિડોર** માટે મરોલી ફ્લાયઓવર સહિત 8 માઈનોર બ્રિજનું નિર્માણ

સુરતઃ સુરત અને નવસારી વચ્ચે વધતા ટ્રાફિક ભારને હળવો કરવા તેમજ દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક અને શહેરી વિસ્તારોને વધુ ઝડપી માર્ગ જોડાણ આપવાના હેતુથી મહત્વાકાંક્ષી સુરત-સચિન-નવસારી હાઈસ્પીડ કોરિડોરના વિસ્તરણ અને વિકાસનું કામ હવે આગળ વધશે. આ પ્રોજેક્ટ

...અનુસંધાન પાના ૧૧ પર







### મરોલી જંક્શન પર ફ્લાયઓવર, મીંઢોળા નદી પર મેજર બ્રિજ

પ્રોજેક્ટમાં મરોલી જંક્શન પર મરોલી ફ્લાયઓવરનું નિર્માણ પણ કરવામાં આવશે. મરોલી વિસ્તારમાં સતત વધતા વાહનવ્યવહારને કારણે સર્જાતી ટ્રાફિકની સમસ્યા હળવી કરવામાં આ ફ્લાયઓવર મહત્ત્વપૂર્ણ સાબિત થશે. તે ઉપરાંત મીંઢોળા નદી પર

...અનુસંધાન પાના ૧૧ પર

### મુસાફરીના સમયમાં 20થી 30 મિનિટની બચતનો અંદાજ

પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ સુરત અને નવસારી વચ્ચે નિયમિત મુસાફરી કરતા નોકરિયાતો, વેપારીઓ, વિદ્યાર્થીઓ તથા અન્ય મુસાફરોને સીધો લાભ મળશે. ટ્રાફિકની અડચણો ઘટવાથી

...અનુસંધાન પાના ૧૧ પર

# ફેમિલી કોર્ટમાં જજ ડાયસ પર બેસે તે પહેલાં જ પંખો તૂટીને પડ્યો

**કોર્ટ** હજુ શરૂ જ થઈ હતી અને ક્લાર્ક દ્વારા કામગીરી કરાતી હતી ત્યાં જ ઘટના બની

**ઘટનાને** પગલે જજે તમામ કેસોમાં મુદત પાડી

સુરતઃ સુરત જિલ્લા સેવા સદન-૨ના છઠ્ઠા માળે આવેલી ફેમિલી કોર્ટ નંબર ૮માં ગત શનિવારે એક મોટી દુર્ઘટના બનતા બનતા રહી ગઈ હતી. જજ ડાયસ પર બિરાજમાન થાય તે પહેલાં જ માથા પરનો પંખો ધડામ દઈને નીચે પછડાતાં કોર્ટરૂમમાં સન્નાટો છવાઈ ગયો હતો.

આ ઘટનાને નજરે જોનાર એડવોકેટ યુક્તા કાપડિયાએ જણાવ્યું હતું કે ગત્ શનિવારે સવારે ૧૦.૫૦ કલાકની આસપાસ આ કોર્ટમાં જજનો ડાયસ પર આવવાનો સમય થયો હોવાથી બેન્ચ ક્લાર્ક સહિતના કોર્ટ કર્મચારીઓ કામગીરીની આખરી તૈયારીઓમાં વ્યસ્ત હતા. તે સમયે કોર્ટરૂમમાં ત્રણથી ચાર વકીલ પણ હાજર હતા. હજુ તો જજ ડાયસ પર આવીને બેસે તે પહેલાં જ ડાયસ પર સિલિંગમાં લાગેલો પંખો અચાનક ધડામ ધડાકા સાથે નીચે તૂટી પડ્યો હતો. પંખો એટલા જોરથી નીચે પછડાયો હતો કે તેની પાંખો પણ વળી ગઈ હતી. આ ઘટનાને પગલે કોર્ટરૂમમાં ઉપસ્થિત તમામ લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. સદનસીબે જજ ડાયસ પર પહોંચે તે પહેલાં જ આ બનાવ બનતાં મોટી હોનારત ટળી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને જજે તે દિવસના તમામ કેસોની સુનાવણી મુલતવી રાખીને મુદત પાડી દીધી હતી અને બોર્ડ એડજર્ન કર્યું હતું. આ અંગે કોર્ટ તંત્ર દ્વારા સત્તાવાર રિપોર્ટ પણ તૈયાર કરવામાં આવ્યો હતો. વધુમા એડવોકેટ એકતા કાપડિયાએ જણાવ્યું હતું કે અગાઉ સિલિંગ પરથી પોપડા પણ પડ્યાં હતાં. આવી ઘટનાથી ક્યારેક કોઈકનુ જીવનું જોખમ થઈ જવાની શક્યતાંને નકારી શકાય નહીં.


પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



તમારો લાગણીભર્યો સ્વભાવ અને અમારા સૌ સાથેનો આત્મીય લગાવ હંમેશા યાદ રહેશે. તમારી સદ્દભાવના ભરી મીઠી સ્મૃતિઓ કદી નહિં ભુલાય.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એ જ અમારી પ્રભુ પ્રાર્થના..

સ્વ. ડાહીબેન મોહનભાઈ પટેલ
જન્મ તા.૧૦/૦૩/૧૯૪૯
સ્વ. તા.૦૯/૦૯/૨૦૨૫

લિ.
મોહનભાઈ બાલુભાઈ પટેલ (પતિ)
અમૃતભાઈ મોહનભાઈ પટેલ (પુત્ર)
આયુશ અમૃતભાઈ પટેલ (પૌત્ર)
તથા સમસ્ત પટેલ પરિવાર
નિવાસ સ્થાન : ૪૦૦, માતૃકૃપા, કુંભાર ફળીયું, વેસુ ગામ, સુરત.

: પ્રાર્થના સભા :



નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ। ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ॥
દિલગીરી સહ જણાવવાનું કે મારા ધર્મપત્ની / અમારા માતૃશ્રી
અ. સૌ. નૈનાક્ષીબેન દિનેશચંદ્ર વૈદ્ય
તા. ૦૮/૦૯/૨૦૨૬ ના રોજ દેવલોક પામ્યા છે.
: પ્રાર્થના સભા સ્થળ અને સમય :
મહિડા ભવન, ઈચ્છાનાથ રોડ, SVNIT કોલેજ સામે, નીલમ સોસાયટી, અઠવા-ઉમરા, સુરત-૭.
તા. ૦૯/૦૯/૨૦૨૬, બુધવાર
સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક સુધી
દિનેશચંદ્ર વૈદ્ય (પતિ)
ડૉ. ચેતનકુમાર વૈદ્ય (પુત્ર - 9825132898) - લીના વૈદ્ય (પુત્રવધૂ)
મિત વૈદ્ય (પૌત્ર - 9167236935) - કિંજલ વૈદ્ય (પૌત્રવધૂ)
ડૉ. નૂપુર વૈદ્ય (પૌત્રી)
સ્વ. અ.સૌ. નૈનાક્ષીબેન દિનેશચંદ્ર વૈદ્ય
જન્મ તા. ૨૫/૦૩/૧૯૪૬
સ્વ. તા. ૦૮/૦૯/૨૦૨૬

૩૧મી પુણ્યતિથિએ
હાર્દિક શ્રદ્ધાંજલિ



जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च । तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥
જન્મે તેનું મૃત્યુ અને મૃત્યુ પામે તેનો જન્મ નિશ્ચિત છે તેથી, જે અનિવાર્ય છે તેનો શોક કરવો વ્યર્થ છે
ભગવદ્ ગીતા (અધ્યાય ૨, શ્લોક ૨૭)
લી.
સ્વ. રમીલાબેન કંચનલાલ લુંગીવાલા
નરેશભાઈ કંચનલાલ લુંગીવાલા
મુકેશ કંચનલાલ મનીલાવાલા
મનીલા ડાઈંગ, સુરત
સમગ્ર પરીવાર
સ્વ. કંચનલાલ તુલસીદાસ લુંગીવાલા
સ્વર્ગવાસ સંવત ૨૦૫૧
શ્રાવણ વદ ૧૩ તા. ૨૪-૮-૧૯૯૫

તૃતીય પૂણ્યતિથિ હાર્દિક શ્રદ્ધાંજલિ
नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः॥



સ્વ. મધુબેન મનહરલાલ જરીવાલા
સ્વ. તા. ૦૯.૦૯.૨૦૨૩
આપનો લાગણીભીનો સ્વભાવ અને અમારા સૌ સાથેનો આત્મીય લગાવ સતત યાદ આવે છે.
આપનું પ્રેમાળ વ્યક્તિત્વ અમારા સૈના હૃદયમાં જ છે. આપની હયાતી અમારી પ્રેરણા હતી.
આપની વિદાય આજે પણ અમારી આંખો ભીંજવી જાય છે.
આપની વ્યવહાર કુશળતા સદાય અમોને યાદ રહેશે શ્રી ચક્રધર કૃષ્ણ ભગવાન
આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે અને એમના ચારણો માં સ્થાન આપે એજ પ્રભુ પ્રાર્થના.
:: લિ. શોકાંતુર ::
અતુલકુમાર મનહરલાલ જરીવાળા
રાજેશકુમાર મનહરલાલ જરીવાળા
શ્યામ રાજેશકુમાર જરીવાળા
જયંતિલાલ આદિતરામ જરીવાળા
પ્રદીપકુમાર જયંતિલાલ જરીવાળા
દિનેશચંદ્ર જયંતિલાલ જરીવાળા
વિરલ પ્રદીપકુમાર જરીવાળા
રોમીલ પ્રદીપકુમાર જરીવાળા
મનહર ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ વર્કસ | મનહર પ્રોસેસર્સ


અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

દુઃખદ અવસાન - બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે મારા પિતાશ્રી વેણીલાલ રંગીલદાસ આસમાની તા. ૮/૯/૨૦૨૬ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.
સદ્ગતનું બેસણું તા. ૯-૯-૨૦૨૬ ને બુધવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે સત્સંગ ભવન, બદ્રીનારાયણ મંદિર, BAPS હોસ્પિટલની પાસે, ગુજરાત ગેસ સર્કલ, અડાજણ ખાતે રાખેલ છે.
પરમકૃપાળુ પરમાત્મા એમની આત્માને શાંતિ આપે એજ પ્રભુને પ્રાર્થના.
લિ. સ્વ. પદ્માબેન વેણીલાલ આસમાની
જયેશભાઈ વી. આસમાની (પુત્ર) દક્ષાબેન જે. આસમાની (પુત્રવધુ)
જતીનભાઈ વી. આસમાની (પુત્ર) વર્ષાબેન જે. આસમાની (પુત્રવધુ)
હંસાબેન બી. કણિયા (પુત્રી) સ્વ. ઈલાબેન વી. આસમાની (પુત્રી)
રેખાબેન એ. પપૈયા (પુત્રી)
તથા સમસ્ત આસમાની પરિવાર
સ્વ. વેણીલાલ રંગીલદાસ આસમાની
(ચક્ષુદાતા ઉ.વ. ૯૬ વર્ષ)
જ.તા. ૨/૬/૧૯૩૨
સ્વ. તા. ૮/૯/૨૦૨૬

ક્ષત્રિય દુઃખદ અવસાન / બેસણું



અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે મારા ધર્મપત્ની સ્વ. વસંતીબેન કાંતિલાલ જરીવાલા નું દેહાવસાન તા. ૦૮/૦૯/૨૦૨૬ ને મંગળવારના રોજ થયેલ છે.
સદ્ગતનું બેસણું તા. ૦૯/૦૯/૨૦૨૬ ને બુધવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાક દરમ્યાન અમારા નિવાસસ્થાને રાખવામાં આવેલ છે.
નિવાસસ્થાનઃ ૯૦૧, સુરમ્ય એપાર્ટમેન્ટ, તેરાપંથ ભવનની સામે, સિટીલાઈટ, સુરત.
સ્વ. અ.સૌ. વસંતીબેન કાંતિલાલ જરીવાલા
જન્મ. તા. ૦૫/૦૨/૧૯૪૧
સ્વ. તા. ૦૮/૦૯/૨૦૨૬
લિ.
શ્રી કાંતિલાલ અમૃતલાલ જરીવાલા | યશસ્વી પૌરૂષ ભગવાગર (પૌરુષ)
ધર્મેશ કાંતિલાલ જરીવાલા (ધરતી) | દિવ્યાંગ ધર્મેન્દ્ર જરીવાલા (ફુશાની)
ધર્મેન્દ્ર કાંતિલાલ જરીવાલા (રિમ્પલ) | આગમ ધર્મેશ જરીવાલા (શૈલી)
પરેશ કાંતિલાલ જરીવાલા (દિશા) | ઈશાન પરેશ જરીવાલા (રિદ્ધિ)